# મોદી વિરૂદ્ધ મોરચામાં કેશુભાઈને સાથ આપનાર દામલેજીની સંઘમાંથી વિદાય

ગાંધીનગર, તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ મોરચો ખોલનાર પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને સાથ આપનાર સંઘના વયોવૃદ્ધ પ્રચારક ભાસ્કરરાવ દામલેજીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાંથી વિદાય આપી દેવામાં આવી છે. હવે આ પ્રકારના પગલાં કેશુભાઈ સામે લેવાય તો નવાઈ પામવા જેવું નથી, કારણ કે તેઓ હજી ભાજપમાં છે, પાર્ટીમાંથી રાજીનામાં આપ્યું નથી.



સંઘ અત્યારે નરેન્દ્ર મોદીની ફેવરમાં છે. સંઘના સુપ્રિમો મોહન ભાગવત મોદીને વડાપ્રધાનપદે જોવા માગે છે. મોદીની સામે પડેલા સંજય જોશીને ભાજપે પાર્ટીના હોદ્દા છોડાવી દીધા છે. ગુજરાતમાં મોદી વિરૂદ્ધ કેશુભાઈની તિરાડ વધારે પહોળી બની ચૂકી છે. સવાલ એ છે કે ભાજપમાંથી વિદાય થયા પછી કેશુભાઈ પટેલની નવી પાર્ટીમાં કોણ કોણ જોડાય છે, કારણ કે ગુજરાતમાં પાર્ટી અને સંઘ તેમજ તેની ભગિની સંસ્થાઓમાં આ તિરાડ વિસ્તરે તેવી સભાવના છે.

મોદી સામે વિરોધી વલણ શરૂ કર્યા પછી કેશુભાઈના બંગલે જેટલી બેઠકો મળી છે તેમાં ભાસ્કરરાવ દામલેજી ઉપસ્થિત રહ્યાં છે. પાર્ટીના હાઈકમાન્ડ અને સંઘના ટોચના નેતાઓ આ બાબત સારી રીતે જાણે છે. તાજેતરમાં કેશુભાઈએ પાર્ટી છોડવાનું નક્કી કર્યું હતુ તે બેઠકમાં પણ દામલેજી ઉપસ્થિત હતા જેની સંઘના ટોચના નેતાઓએ ગંભીર નોંધ પણ લીધી હતી.

સંઘના પ્રદેશ પ્રવક્તા પ્રદિપ જૈન તરફથી ઈસ્યુ કરવામાં આવેલી એક પ્રેસયાદીમાં જણાવવામાં આવ્યું છે કે તાજેતરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગુજરાત પ્રાંતની કાર્યકારી મંડળની બેઠક મળી હતી જેમાં ભાસ્કરરાવ દામલે, નરેન્દ્ર પંચાસરા અને રમેશ ગુપ્તા ત્રણેય જ્યેષ્ઠ પ્રચારકોને તેમની ઉંમરને ધ્યાને લેતાં સંઘની પ્રાંત કાર્યકારીણીના સદસ્ય તરીકેની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આ ત્રણેય પ્રચારકોના અનુભવનો લાભ ભવિષ્યમાં ગુજરાતના સંઘકાર્યને મળતો રહેશે.

## કાશીરામ રાણાએ ભાજપમાં સભ્ય નહિ બનવાનું જાહેર કર્યું સંઘે કેશુભાઈને મનાવી પણ જોયા

જાણવા મળ્યું છે કે ગુજરાત ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી રહી ચૂકેલા કાશીરામ રાણાએ ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે કહ્યું હતું કે આ પાર્ટીને અમારી જરૂર નથી તેથી હવે અમે ભેગા મળીને ૨૦૧૨ની ચૂંટણીમાં ભાજપના વિરોધમાં પ્રચાર કરીશું. અમે અમારી નવી પાર્ટીનું ઝડપથી ગઠન કરી દઈશું. બીજી તરફ શનિવારે સઘના અગ્રણી સુરેશ સોની કેશુભાઈને મળવા તેમના બંગલે ગયા હતા. તેમણે કેશુભાઈને સમજાવવાનો અને મોદી સાથે સમાધાન કરવાનો પ્રયાસ કરી જોયો પરંતુ તેમાં તેમને નિષ્ફળતા મળી છે.

કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી યેદુરપ્પાએ પાંચમી જુલાઈનું અલ્ટીમેટમ આપ્યું છે. આ સંજોગોમાંભાજપના હાઈકમાન્ડ મુશ્કેલીમાં મૂકાયેલું છે ત્યારે ગુજરાતમાં કેશુભાઈની પ્રવૃત્તિઓથી વધારે અકળાયેલું જોવા મળે છે. કેશુભાઈના નિકટના સાથી દામલેજીને હેલ્થનું કારણ બતાવીને હટાવ્યા પછી હવે કેશુભાઈનો વારો છે તેવી ચર્ચાએ ભાજપમાં અને સંઘમાં જોર પકડ્યું છે. પાર્ટીમાં પરિવર્તન ઝડપથી આકાર લઈ રહ્યું છે.

# છેલ્લા ત્રણ વર્ષથી ખાલી કચેરી અધિક્ષકની ૧૧ જગ્યાઓ ભરવા માગ

### હયાત સ્ટાફનો કાર્યબોજ વધતા કર્મચારીઓમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૨

માર્ગ-મકાન વિભાગમાં છેલ્લા ત્રણ વર્ષથી કચેરી અધિક્ષકની ૧૧ ખાલી જગ્યાઓ ન ભરાતા હયાત સ્ટાફનો કાર્યભાર વધી ગયો હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે. પી.ડબલ્યુ.ડી.ના કલેરીકલ એમ્પલોઈઝ એસોસિએશને વર્ગ-૨ની આ ખાલી જગ્યાઓ ત્વરિત ભરવા માંગ કરી છે.

માર્ગ-મકાન વિભાગ હેઠળની કચેરી અધિક્ષક વર્ગ-૨ની ૧૧ જેટલી જગ્યાઓ છેલ્લા ત્રણ વર્ષથી વયનિવૃત્તિના લીધે ખાલી છે. જ્યારે ખાલી જગ્યાઓ પર ભરતી કરવા કર્મચારી એસોસિએશન દ્વારા વિભાગના નાયબ સચિવ તેમજ મુખ્ય ઈજનેરને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. આ સ્થિતિના પરિણામે હાલ વિભાગમાં હયાત કર્મચારીઓ વધારે પડતા કાર્યબોજ હેઠળ દબાયેલા છે. સ્ટાફને વધારાનો હવાલો કામનું તારણ વધારાતા કર્મચારી આલમમાં ઉગ્ર રોષ ભભૂક્યો છે. ધી ગુજરાત પી. ડબલ્યુ.ડી. કલેરીકલ એમ્પ્લોઈઝના પ્રમુખ એસ.એસ. પટેલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર કચેરી અધિક્ષકના બઢતીના લાયકાતના માપદંડ સુધારવા માટે ઉચ્ચકક્ષાએથી સૂચના આપ્યા બાદ પાંચ વર્ષના અંતે વિભાગ કક્ષાએથી કોઈ રસ દાખવવામાં આવતો નથી. કર્મચારીઓના હીતને ધ્યાને લઈ કચેરી અધિક્ષકની ખાલી જગ્યાઓ માપદંડના ધોરણોમાં છૂટછાટ મુકી ત્વરીત ભરતી કરવા માંગ કરવામાં આવી છે.

# ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ધામધૂમથી ગુરુપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આ વર્ષે ગુરુ પૂર્ણિમાની ઉજવણી ધામધૂમ અને શ્રદ્ધાપૂર્વક કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના ઓમકારેશ્વર મહાદેવથી ગુરુપૂજનના કાર્યક્રમની શરૂઆત કરાશે અને સ્વામિનારાયણ મંદિર ખાતે તે સંપન્ન કરવામાં આવશે.

શહેર ભાજપની યાદીમાં જણાવાયા મુજબ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, શહેરના કાઉન્સીલરો તેમજ શહેર સંગઠ્ઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પંચદેવ મંદિર ખાતે ૧૦.૪૫ કલાકે ઉપસ્થિત રહી ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીનું સન્માન કરી પૂજન કરશે.

# શહેરમાં વન વિભાગે આજે ત્રણ સેક્ટર્સમાંથી દબાણો હટાવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં વન વિભાગ દ્વારા આજે તેના વિસ્તારમાં વધતા જતા દબાણો સામે લાલ આંખ કરી આ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી.

વન વિભાગ અને માર્ગ-મકાન વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સે. ૧, ૬ અને સે. ૧૬માંથી આ દબાણો દૂર કરવામાં આવ્યા હતા અને આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધતા જતા દબાણો અંગે છેલ્લી સંકલન સમિતિની બેઠકમાં પણ કલેક્ટરશ્રીએ આ મુદ્દો છેડી અને તાત્કાલિક દબાણો હટાવવા માટેના આદેશો જારી કર્યા હતા.

શહેરી વિસ્તારમાં વધતા જતા દબાણો અંગે કાઉન્સિલરોએ પણ રાજકીય દબાણ ઉભુ કર્યુ હતું. આખરે તંત્રએ આજે ત્રણ સેક્ટરોમાંથી દબાણો દૂર કર્યા છે. જો કે આજે દબાણો દૂર કરવાની કામગીરીમાં તંત્રની જુદી જુદી પાંખો વચ્ચે સંકલનનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવતો હતો.

શહેરમાં સે. ૬ અને અન્ય વિસ્તારોમાં વધી રહેલી ઝુંપડપટ્ટી અને ગંદકી અંગે હવે તંત્ર એકદમ સક્રિય બનવા પામ્યું છે.







# ‘ગ’ માર્ગ પર ડમ્પરે કારને ટક્કર મારી પલ્ટી ખાધી : સદનસીબે જાનહાનિ ટળી

ગાંધીનગર, તા. ૨

‘ગ’ માર્ગ પર મહાત્મા મંદિર સામેની ચોકડી પર આજે બપોરે બેફામ જતા ડમ્પરના ચાલકે કારને ટકકર મારી પલ્ટી ખાતા અકસ્માત સર્જાયો હતો. જો કે અકસ્માતમાં કોઈને ઈજા થવા પામી ન હતી પરંતુ બંને વાહનોને નુકશાન થવા પામ્યું હતું.

શહેરના પહોળા અને ખુલ્લા માર્ગો પર ટ્રાફિક નિયમન અને ગતિ નિયંત્રણના બનાવ વચ્ચે માર્ગ સલામતી જોખમાઈ છે. જેના પરિણામે બેફામ જતા ભારે વાહનો છાશવારે પલ્ટી મારતા હોવાનાં કિસ્સા પ્રકાશમાં આવે છે. જેના પરિણામે અન્ય વાહનચાલકો માટે પણ ભયનું વાતાવરણ સર્જાય છે. તો ક્યારેક અકસ્માતનો ભોગ બનતા ગંભીર ઈજાઓ પહોંચે છે. ‘ગ’ માર્ગ પર મહાત્મા મંદિર સામે આજે બપોરના સમયે બેફામ જતા ડમ્પર નં. જીજે-૧૮-એ.યુ.૮૭૧૫ના ચાલકે આઈ-૨૦-કાર નં. જીજે-૧૮ એ.બી. ૮૦૧ને ટકકર મારી હતી. સર્જાયેલા આ અકસ્માતના અંતે ડમ્પરે પલ્ટી મારી હતી. જો કે સદનસીબે અકસ્માતમાં કોઈને ઈજાઓ થવા પામી ન હતી. પરંતુ બંને વાહનોને નુકશાન થયું હતું. ડમ્પરનો ચાલક ઘટનાં સ્થળેથી નાસી ગયો હતો. આ અંગે સે-૭ પોલીસ સ્ટેશનના જમાદાર કાનાભાઈ ભુરાભાઈએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિધાનસભાના ઉમેદવારોની પસંદગી માટે કોર કમિટી અને વરિષ્ઠો સાથે પરામર્શ કરાશે

### કોંગ્રેસ કોર કમિટીની બેઠક હવે દર માસના પ્રથમ સોમવારે નિયમિત રીતે યોજાશે : ચાવડા

ગાંધીનગર, તા. ૨

વિધાનસભાની પાંચ બેઠકો પરના ઉમેદવારોની પસંદગી માટે કોર કમિટીના સભ્યો અને જિલ્લાના વરિષ્ટ આગેવાનો સાથે પરામર્શ કર્યા બાદ પ્રદેશ સમિતિને નામો સૂચવવામાં આવશે તેમ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી ડૉ. સી. જે. ચાવડાએ આજે કોર કમિટીની બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં હવે કોંગ્રેસની કોર કમિટીની બેઠક દર મહિનાના પ્રથમ સોમવારે નિયમિત મળશે તેવી મહત્વની જાહેરાત પણ તેમણે કરી હતી.

આજની કોર કમિટીની બેઠકમાં જિલ્લાની વર્તમાન રાજકીય સ્થિતિ પર ચર્ચાઓ કરવામાં આવી હતી તેમજ વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આગામી ડીસેમ્બર-૨૦૧૨માં યોજાનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ભવ્ય વિજય થયો તે માટે તેમજ કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં સુચારૂ પ્રશાસન થાય અને પ્રજાલક્ષી વિકાસ કાર્યો અને કાર્યક્રમો યોજાય તે માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા દરેક જિલ્લાઓમાં કોર કમિટી રચવામાં આવેલી છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની ૩૧ સભ્યોવાળી કોર કમિટીની બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાની ઉપસ્થિતિમાં ચેરમેનશ્રી જશુભા રાણાના અધ્યક્ષપદે મળી હતી. જેમાં પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, ધારાસભ્યો બાબુસિંહ ઠાકોર, સુરેશભાઈ પટેલ,

● અનુસંધાન પાન-૭ પર

# વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે ઉકળાટ

### સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડ્યા બાદ ઉત્તર ગુજરાત વાસીઓ મેઘ મહેરની મીટ માંડીને બેઠા છે

ગાંધીનગર, તા. ૨

ગઈકાલ રાતથી ઘેરાઈ આવેલા વાદળોની વચ્ચે આજે આખો દિવસ પસાર થયો હતો. વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે ઉકળાટનો અનુભવ વસાહતીઓએ કર્યો હતો. હમણાં જ વરસાદ પડશે તેવી સૌ કોઈ આશા રાખી રહ્યા છે.



તડકો ન હોવા છતાં આજે આખો દિવસ ભારે ગરમી અને ઉકળાટનો અનુભવ વસાહતીઓએ કર્યો હતો. પંખા ફૂલસ્પીડે ચલાવવા છતાં પરસેવે નાહી જવાતુ હતુ. સવારથી છેક મોડી સાંજ સુધી આ જ માહોલ યથાવત રહ્યો હતો. ઘરની બહાર નીકળવુ ત્રાસદાયક બન્યું હતું. એટલો બધો પરસેવો થતો હતો કે કપડાં જાણે પલાળ્યા હોય તેવુ લાગતુ હતુ. એ.સી. પણ ફૂલસ્પીડે ચલાવવાની ફરજ પડી હતી. પવન સાવ બંધ થઈ જતાં આ વાતાવરણ વધુ અકળાવનારૂ બન્યું હતું. વરસાદ ખેંચાયો હોવાથી હવે તો વરસાદ માટે સૌ કોઈ અધીરા બન્યા હતા.

આગામી એકાદ-બે દિવસમાં ગાજવીજ સાથે વરસાદ પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. ચોમાસુ આગામી બે-ત્રણ દિવસમાં સક્રિય થવાની સંભાવના છે અને પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડશે. હાલમાં અરબી સમુદ્રમાં સાયકલોનીક સરક્યુલેશન ઉભુ થયુંછે. જે આગામી બે-ત્રણ દિવસમાં મજબુત થવાની સંભાવના છે. આ ઉપરાંત કર્ણાટકથી કેરેલા સુધી ઓર સૌર ટર્ફ છે. હાલ સાનુકૂળ વાતાવરણ ઉભુ થઈ રહ્યું છે. ગયા ગુરૂવારથી પવનની ગતિ ધીમી પડતા ચોમાસુ સક્રિય થવાની પ્રક્રિયા આગળ વધી છે. ગુજરાતના સમુદ્રકાંઠાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાંપટા પડ્યા છે. જેમ જેમ ભેજ વધતો જશે તેમ તેમ વરસાદની સંભાવના વધતી જશે. જો કે ગાંધીનગર સહિતના સમગ્ર ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વાતાવરણમાં ભેજ વધતા સૌ કોઈ અકળામણ અનુભવી રહ્યા છે. ખેડૂતોની સાથે સાથે સામાન્ય પ્રજાજનો વરસાદતરફ મીટ માંડી બેઠા છે.

### આગામી ૨૪ કલાકમાં ગુજરાતમાં મેઘરાજાની પધરામણી

ગાંધીનગર, તા. ૨

ગરમીથી ભારે અકળામણ અનુભવી રહેલા પાટનગરવાસીઓ માટે આનંદના સમાચાર છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાકમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડશે. વાદળો બંધાતા ખેડૂતોને આશા બંધાઈ છે અને તેમણે વાવણીની તૈયારીની કરી લીધી છે. હવામાન વિભાગે કહ્યું છે કે વરસાદ હવે રાજ્યના આંગણે દસ્તક દઈ રહ્યું છે. ગઈકાલથી જ સૌરાષ્ટ્રના દરિયાકિનારાના વિસ્તારો અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી ઝાંપટા પડ્યા છે. દરિયાકાંઠાથી આગળ વધીને ચોમાસુ વધુ સક્રિય બનશે અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી વાતાવરણ છવાશે.

# ખૂણે ખાંચરેથી

● શહેરમાં આજે મેલેરિયા સામે જનજાગૃતિ અભિયાન અંતર્ગત સે. ૨૪ ખાતે પપેટ શૉ નું આયોજન કર્યું હતું. ● દહેગામ મામલતદાર તરીકે શ્રી રાજેશ પટેલને ચાર્જ આપવામાં આવ્યો છે જ્યારે ડિઝાસ્ટરના શ્રી આરતી ઠક્કરનો ચાર્જ એ. ગૌતમને સોંપવામાં આવ્યો છે. ● મહાત્મા મંદિર ખાતે ૪થી જુલાઈના રોજ યુવા શક્તિના સશક્તિકરણનો કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો છે. ● વિવેકાનંદ જયંતિની ઉજવણીના ભાગરૂપે આજે રાજ્યના મુખ્ય સચિવ શ્રી જ્યોતિએ વિડિયો કોન્ફરન્સ યોજી હતી. ● ઝાલાની મુવાડી ખાતે આજે પંચાયત મંત્રીશ્રીએ રાજીવ ગાંધી ભારત નિર્માણ કેન્દ્રનું ભૂમિપૂજન કર્યુ છે. ● સચિવાલયમાં આજે બદલી બઢતી બદલ અભિનંદનની આપ-લેમાં કર્મચારીઓ સૌથી વધુ વ્યસ્ત રહ્યા હતા.




TMT BARS - ISI
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ**

દેશ કી શાન
કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાળા)
ગોડાઉન સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૫૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com